
# સ્વરસાધના

( હાર્મોનિયમ પર સ્વરબદ્ધ સંતોનો ભજન સંગ્રહ )




સ્વરબદ્ધ કર્તા :

ડૉ. કિરીટ સી. વ્યાસ

# SwarSadhana

**(Gujarati)**

Harmonium Base Music Notation of
Saints Bhajan Collection:
compiled by Dr. Kirit C. Vyas

## સ્વરસાધના

**સ્વરબદ્ધ કર્તા : ડૉ. કિરીટ સી. વ્યાસ**

First Edition: 2020, Copy: 500, Price: Rs. 200/-
પહેલી આવૃત્તિ : ૨૦૨૦, પ્રત : ૫૦૦, કિંમત : રૂા. ૨૦૦/-

**ISBN: 978-93-6013-076-3**

Publisher:
**Bharati Kirit Vyas**
10 Green Park, Bhavanipura-2, Nizampura,
Vadodara 390002, Gujarat, INDIA
Ph: +91-98250-27333
email : kiritvyas46@gmail.com
web site : www.kiritvyas.com
All Rights Reserved

**Printery: Fine Graphics**
20, Everest Ind. Estate
Yamuna Mill Road,
Pratapnagar, Vadodara, 390004

**ડૉ. કિરીટ સી. વ્યાસના અન્ય પુસ્તકો:**

**શ્રીમદ્ ભગવદ્ગીતા - ગુજરાતી**
**ભારતીય દર્શનશાસ્ત્ર - ગુજરાતી**
Srimad Bhagavad Gita - English
**શ્રીમદ્ ભાગવતકથા સાર - ગુજરાતી**
**(પ. પૂજ્યશ્રી ડોંગરેજી મહારાજના કથામૃત પરથી)**

**Books are available on amazon**

## પ્રસ્તાવના

પ્રાચીનકાળથી ભારતની ભૂમિ પર સંગીતના માધ્યમથી ઈશ્વરની આરાધના કરવામાં આવે છે. આ સંગીત સાધનાથી શરીર ઉપર ઘણી જ અસર થાય છે. તેના તરંગો આપણને નાદ બ્રહ્મ સાંભળવામાં મદદ કરે છે. આથી આપણા જીવનમાં નવી ચેતના રેડાય છે.

આ લખાણમાં બ્રહ્માનંદ, કબીર, તુલસીદાસ, સુરદાસ, નાનક, નરસિંહ મહેતા, મીરાંબાઈ, વગેરેના અર્થપૂર્ણ ભજનોને થાટ અને રાગ આધારિત કરી તાલ અને સંગીત બદ્ધ કરવા પ્રયત્ન કરેલો છે. આ સર્વે પહેલાં પરમ ભક્ત, પરમ જ્ઞાની અને અધ્યાત્મ સિદ્ધ આત્માઓ છે. એ પોતે કવિઓ કે સાહિત્યકરો નથી. પણ વાસ્તવમાં પરમ ભક્ત અને સાથે અનુભવ સિદ્ધ જ્ઞાની પણ છે. આ ભજનોમાં અનુભૂતિની ગંભીરતા અને સચ્ચાઈ છે. આ ભજનો અમૂલ્ય મૌક્તિક છે, તેમાં તાલ બદ્ધ સરસ ભાષા અને છંદ ઉપરાંત અવલોકનનો નિષ્કર્ષ, અધ્યાત્મિક અનુભૂતિનો અર્ક, લૌકિક ડહાપણથી પરિપૂર્ણ અને પ્રબળ ભાવથી સંચલિત થયેલ ઊર્મિઓના રત્નોનો ભંડાર ભરેલો છે. ભારતીય જનતાના હ્દયમાં આ સર્વે ભક્તો ચિરંતન સ્થાન પામેલા છે. આ ભજનો દ્વારા સામાન્ય માનવીના હ્દય શાંતિરસ, ભક્તિરસ અને વૈરાગ્યરસથી ભીંજાય છે.

શ્રીમદ્ ભાગવતના મહાત્મ્યમાં ભક્તિ અને તેના બે પુત્રોની કથા છે, જ્યાં ભક્તિના બે પુત્રો- જ્ઞાન અને વૈરાગ્ય છે. ભગવાનમાં પરમ પ્રીતિ પ્રગટે એટલે સંસાર પ્રત્યે વૈરાગ્ય આવે છે, એટલે વૈરાગ્ય ભક્તિનો પુત્ર ગણાય છે. ભગવાનમાં પરમ પ્રીતિ હોય અને સંસાર પ્રત્યે વૈરાગ્ય હોય એટલે જ્ઞાન પણ પ્રગટે જ. તદનુસાર જ્ઞાન પણ ભક્તિનો પુત્ર ગણાય છે. આ બધા ભક્તો પરમ ભક્ત હોવા ઉપરાંત પરમ જ્ઞાની હતા. તેઓએ સંગીત બદ્ધ રચના સાથે ભક્તિ, જ્ઞાન અને વૈરાગ્યના રસથી સાંભળનારાના હૈયાને ભીંજવ્યા છે.

અધ્યાત્મ વિનાનું અર્થાત ભગવાનમાં શ્રદ્ધા વિનાનું જીવન એકડા વિનાના મીંડા જેવું છે. અધ્યાત્મ જ જીવનને યથાર્થ સાર્થકતા અર્પે છે. અધ્યાત્મની અભિવ્યક્તિ કરવા માટે શબ્દ નબળું માધ્યમ છે. છતાં પણ આખરે તો ઉપલબ્ધ માધ્યમોમાં શબ્દ જ સૌથી સમર્થ સાધન છે. જીવન અગાધ અને રહસ્યપૂર્ણ હોવા છતાં, ભક્તોએ મરજીવાઓની માફક જીવનસાગરમાં ડૂબકી મારી અને મર્મ-મોતીઓને સંગીત બદ્ધ કરી જનસમુદાયમાં વહેંચ્યા. આવા માર્મીક ભજનો અને સંદેશાઓ ચિનગારીની ગરજ સારે છે. દૂધમાંથી દહીં આપોઆપ બની જતું નથી, પરંતુ એક ટીપું છાશ

ઉમેરવામાં આવે તો પછી કશું જ કરવાની જરૂર રહેતી નથી. એજ રીતે જ્યારે મનુષ્યના જીવનમાં આ સંદેશો કોઈ સંવેદનશીલ હૃદયને ઝંકૃત કરી ભેદે છે ત્યારે જીવનમાં રહેલો અંધકાર આનંદના અજવાળાથી ઝળહળી ઉઠે છે.

દરેક ધર્મોમાં સંગીતનું સ્થાન જનજીવનમાં મહત્ત્વનું છે. ભારતીય સંસ્કૃતિ પ્રમાણે સંગીતની ઉત્પત્તિ વેદોના નિર્માતા બ્રહ્મા દ્વારા થઈ. બ્રહ્માએ એ જ્ઞાન શિવને આપ્યું અને શિવના દ્વારા સરસ્વતીને આ વિદ્યા પ્રાપ્ત થઈ. સરસ્વતીદેવીને એટલા માટે વીણા-પુસ્તક ધારિણી કહી છે, અને સંગીત અને સાહિત્યની અધિષ્ઠાત્રી દેવી માનવામાં આવે છે. સરસ્વતીદેવી પાસેથી સંગીત-કળા જ્ઞાન નારદજીને પ્રાપ્ત થયું. નારદજી દ્વારા સ્વર્ગના ગંધર્વ, કિન્નર અને અપ્સરાઓએ પ્રાપ્ત કર્યું. સ્વર્ગથી ભરત, નારદજી, હનુમાનજી વગેરે ઋષિઓ દ્વારા પૃથ્વી પર સંગીત કલાનું અવતરણ થયું.

આ લેખનનો મુખ્ય ઉદેશ્ય સારા પ્રખ્યાત ભજનો રાગ અને તાલ બદ્ધ બનાવવાનો છે. જ્યારે ભજન રાગ અને તાલ બદ્ધ ગવાય ત્યારે વધારે કર્ણપ્રિય બને છે. એના શબ્દો હૃદય સોંસરવા ઉતરી જાય છે. મનને શાંતિ પ્રાપ્ત થાય છે. આ રીતે ભજનો ગાવાથી ઘણાં સમય સુધી તે મનમા ઘુંટાયા કરે છે અને જેથી બીજા વિચારો આવતા ઓછા થાય છે અને મનને શાંતિ પ્રદાન થાય છે. એક સામાન્ય મનુષ્ય જે સાધારણ સંગીતનો જાણકાર, આ પુસ્તક થકી હાર્મોનિયમની પેટી ઉપર નોટેશન વગાડી ભજનો ગાવાની શરૂઆત કરી શકે છે. સંગીતના જરાપણ જ્ઞાન વગર આ પુસ્તકનો ઉપયોગ અશક્ય તો નહીં પણ તકલીફવાળો થઈ શકે છે. ભજન ગાવામાં તાલનું મહત્ત્વ બહુજ છે, ક્યાં સ્વરને વિલંબિત કરવો કે ઝડપથી વગાડવો વગેરે ઘણું જ મહત્ત્વનું હોય છે. થોડાક સંગીતના માર્ગદર્શન પછી આ પુસ્તક ઘણું જ મદદરૂપ થઈ શકે છે.

સંગીતનો મુખ્ય આધાર સ્વર અને તાલ છે. સ્વરમાં જ્યારે લય બદ્ધ સમય ભળે છે, ત્યારે જ તે રોચક અને કર્ણપ્રિય બને છે. સમયની નિશ્ચિત ગતિથી લય સિદ્ધ થાય છે. આ નિશ્ચિત બનતા સમયની કુલ માત્રાઓને ખંડમાં વહેંચીને જુદા જુદા સ્વરૂપ આપવામાં આવે છે. તેને તાલ કહે છે. એ રીતે તાલ દાદરા (૬ માત્રા), કહેરવા (૮ માત્રા), ઝપતાલ (૧૦ માત્રા), એકતાલ અને ચૌતાલ (૧૨ માત્રા), ત્રિતાલ (૧૬ માત્રા) વગેરે. એ રીતે જુદા જુદા તાલો જુદી જૂદી માત્રાઓ અને ભાગો કે ખંડોમાં વહેંચાયલા હોય છે. તાલ વગર કોઈ પણ પ્રકારનું સંગીત કે ગાયકી શક્ય નથી.

આ પુસ્તકમાં બધા ભજનો હાર્મોનિયમ વાદ્યમાં સ્વરાંકન કર્યા છે. હાર્મોનિયમ આધુનિક એવું બહુ પ્રચલિત અને પ્રમાણમાં સહેલું અને સુલભ એવું સંગીતનું વાદ્ય છે. શાસ્ત્રીય સંગીત, લોક સંગીત, હળવું કંઠય ગીત,
ભજન અને ફિલ્મી સંગીત એમ સંગીતમાં પ્રચલિત એવા બધા જ પ્રકારોમાં હાર્મોનિયમ ઉપયોગી છે. ગાયક પોતે પણ મોટેભાગે હાર્મોનિયમનો ઉપયોગ

કરી પોતાના મૂળ સ્વર જાળવી રાખી શકે છે. અને સાથે વાગતા સ્વરોથી પોતાનું ગાન સુરીલું બનાવી શકે છે.

હાર્મોનિયમ ૧૮૨૦માં જર્મનીના ફ્રેડ્રિચ બુશમેને શોધ્યું. સંગીત માટેના જે ઉપયોગી ધ્વનિઓ છે તેમાં એકબીજાથી પ્રમાણસર ઉપર જતા ધ્વનિઓ છે. એમાં સાત શુદ્ધસ્વરો (સા,રે,ગ,મ,પ,ધ,નિ), ચાર કોમળ સ્વરો(રે, ગ, ધ, નિ) અને એક તીવ્ર (મેં) છે. એમ કુલ ૧૨ સ્વરોથી કોઈપણ સંગીત ઉપયોગી ધ્વનિ જન્મે છે. સામાન્ય રીતે હાર્મોનિયમમાં ત્રણ સપ્તક હોય છે, મંદ્ર સપ્તક(સ઼ા ર઼ે ગ઼ મ઼ પ઼ ધ઼ નિ઼ ), મધ્ય સપ્તક(સા રે ગ મ પ ધ નિ), તાર સપ્તક(સાં રેં ગં મં પં ધં નિં), અને પછીનો અનુતાર સપ્તકનો(સાંા) એમ કુલ ૩૭ સ્વરો જોઈએ. કેટલાક હાર્મોનિયમમાં પૂર્વાનુમંદ્ર અને અનુતાર સપ્તકના સ્વરો લેવાથી કુલ સ્વરો ૩૭ થી ૪૧ હોઈ શકે છે.

સાત શુદ્ધ સ્વરો, ચાર કોમળ અને એક તીવ્ર સ્વર મળી ૧૨ સ્વરો થાય છે. તેનો જુદા જુદા સમુહમાં ઉપયોગ કરીને જુદા જુદા રાગો બને છે. કોઈપણ એક કે બે સ્વરો આરોહ કે અવરોહમાંથી કે આરોહ-અવરોહ બંનેમાંથી બાદ કરવાથી નવું જ સ્વર જૂથ પ્રાપ્ત થાય છે, અને નવો રાગ બને છે. જેમ લાલ, પીળો અને વાદળી મુખ્ય રંગો છે અને તેની મેળવણીમાંથી વિવિધ જુદા જુદા રંગો બનાવી શકાય છે. તેમ આ ૧૨ સ્વરોમાંથી ઘણાં રાગો બને છે. પણ એ રાગ કર્ણપ્રિય હોય તો જ તે લોકપ્રિય બને છે.

પંડિત ભાતખંડેજીએ પ્રચલિત રાગોનું ૧૦ થાટમાં સુંદર વર્ગીકરણ કર્યું છે. થાટ એ કુળ કે પિતા છે અને રાગો એના સંતાનો છે. આમ થાટમાંથી રાગ જન્મે છે. થાટ કર્ણપ્રિય હોય કે ન હોય પણ રાગ કર્ણપ્રિય હોવા જોઈએ. આમ મુખ્ય થાટ ૧.યમન-કલ્યાણ ૨. બિલાવલ ૩. ખમાજ ૪. કાફી ૫. ભૈરવ ૬.આશાવરી ૭. ભૈરવી ૮. તોડી ૯. મારવા ૧૦. પૂર્વી. આમ નાદમાંથી શ્રુતિ, શ્રુતિમાંથી સ્વર, સ્વરના ભિન્ન ભિન્ન સમુહમાંથી થાટ અને થાટમાંથી રાગ જન્મે છે.



# અનુક્રમણિકા


| | | | |
|---|---|---|---|
| | પ્રસ્તાવના | | ૦૬ |
| | અનુક્રમણિકા | | ૧૨ |
| ૦-૧.૧ | થાટ અને રાગ | | ૨૨ |
| ૦-૨.૧ | સમય પ્રમાણે રાગ | | ૨૬ |
| ૦-૩.૧ | તાલ | | ૨૮ |
| ૧ | થાટ કલ્યાણ | | ૩૦ |
| ૧-૧ | રાગ યમન - થાટ કલ્યાણ - | ૧૫ ભજનો | ૩૧-૪૨ |
| ૧-૨ | રાગ ભૂપાલી - થાટ કલ્યાણ- | ૫ ભજનો | ૪૩-૪૭ |
| ૧-૩ | રાગ કેદાર - થાટ કલ્યાણ- | ૪ ભજનો | ૪૮-૫૨ |
| ૧-૪ | રાગ છાયાનટ - થાટ કલ્યાણ | ૧ ભજન | ૫૩-૫૪ |
| ૧-૫ | રાગ બિહાગ - થાટ કલ્યાણ | ૩ ભજનો | ૫૫-૫૮ |
| ૨ | થાટ બિલાવલ | | ૫૯ |
| ૨-૧ | રાગ બિલાવલ - થાટ બિલાવલ | ૬ ભજનો | ૬૦-૬૫ |
| ૨-૨ | રાગ હંસ ધ્વની - થાટ બિલાવલ | ૨ ભજનો | ૬૬-૬૮ |
| ૨-૨ | રાગ દુર્ગા - થાટ બિલાવલ | ૧ ભજન | ૬૯-૭૦ |
| ૨-૩ | રાગ શંકરા - થાટ બિલાવલ | ૧ ભજન | ૭૧ |
| ૨-૪ | રાગ માંડ - થાટ બિલાવલ | ૨ ભજનો | ૭૨-૭૪ |
| ૩ | થાટ ખમાજ | | ૭૬ |
| ૩-૧ | રાગ ખમાજ - થાટ ખમાજ | ૧૨ ભજનો | ૭૭-૮૯ |
| ૩-૨ | રાગ દેશ - થાટ ખમાજ | ૮ ભજનો | ૯૦-૯૯ |
| ૩-૩ | રાગ તિલક કામોદ - થાટ ખમાજ | ૬ ભજનો | ૧૦૦-૧૦૪ |
| ૩-૪ | રાગ જૈજવંતી - થાટ ખમાજ | ૪ ભજનો | ૧૦૫-૧૦૮ |
| ૩ | થાટ કાફી | | ૧૦૯ |
| ૪-૧ | રાગ કાફી - થાટ કાફી | ૭ ભજનો | ૧૧૦-૧૧૫ |
| ૪-૨ | રાગ વૃંદાવની સારંગ - થાટ કાફી | ૭ ભજનો | ૧૧૬-૧૨૨ |
| ૪-૩ | રાગ પીલૂ - થાટ કાફી | ૫ ભજનો | ૧૨૩-૧૨૬ |
| ૪-૪ | રાગ ભીમ પલાસી - થાટ કાફી | ૫ ભજનો | ૧૨૭-૧૩૩ |
| ૪-૫ | રાગ પટદીપ - થાટ કાફી | ૧ ભજન | ૧૩૪ |
| ૪-૬ | રાગ શીવ રંજની - થાટ કાફી | ૪ ભજનો | ૧૩૫-૧૩૯ |
| ૪-૭ | રાગ બાગેશ્રી - થાટ કાફી | ૪ ભજનો | ૧૪૦-૧૪૪ |

| | | | |
|---|---|---|---|
| ૪-૮ | રાગ બહાર - થાટ કાફી | ૨ ભજનો | ૧૪૫-૧૪૭ |
| ૪-૯ | રાગ મેઘ મલહાર - થાટ કાફી | ૪ ભજનો | ૧૪૮-૧૫૨ |
| ૪-૧૦ | રાગ મિયા મલહાર - થાટ કાફી | ૨ ભજનો | ૧૫૩-૧૫૫ |
| ૪-૧૧ | રાગ ગૌડ મલહાર - થાટ કાફી | ૧ ભજનો | ૧૫૬ |
| ૫ | થાટ ભૈરવ | | ૧૫૭ |
| ૫-૧ | રાગ ભૈરવ - થાટ ભૈરવ | ૫ ભજનો | ૧૫૮-૧૬૨ |
| ૫-૨ | રાગ અહીર ભૈરવ - થાટ ભૈરવ | ૧ ભજન | ૧૬૩-૧૬૪ |
| ૫-૩ | રાગ જોગિયા - થાટ ભૈરવ | ૪ ભજનો | ૧૬૫-૧૬૮ |
| ૬ | થાટ આશાવરી | | ૧૬૯ |
| ૬-૧ | રાગ આશાવરી - થાટ આશાવરી | ૭ ભજનો | ૧૬૯-૧૭૪ |
| ૬-૨ | રાગ દરબારી કાનડા-થાટ આશાવરી | ૭ ભજનો | ૧૭૫-૧૮૦ |
| ૭ | થાટ ભૈરવી | | ૧૮૧ |
| ૭-૧ | રાગ ભૈરવી - થાટ ભૈરવી | ૨૫ ભજનો | ૧૮૨-૨૦૧ |
| ૭-૨ | રાગ માલકોશ - થાટ ભૈરવી | ૭ ભજનો | ૨૦૨-૨૦૭ |
| ૭-૩ | રાગ ચંદ્રકોશ - થાટ ભૈરવી | ૩ ભજનો | ૨૦૮-૨૧૦ |
| ૭-૪ | રાગ ક્રૌંસ - થાટ ભૈરવી | ૧ ભજન | ૨૧૧ |
| ૮ | થાટ તોડી | | ૨૧૨ |
| ૮-૧ | રાગ તોડી - થાટ તોડી | ૬ ભજનો | ૨૧૩-૨૧૯ |
| ૮-૨ | રાગ મુલતાની - થાટ તોડી | ૧ ભજનો | ૨૨૦ |
| ૯ | થાટ મારવા | | ૨૨૧ |
| ૯-૧ | રાગ સોહની - થાટ મારવા | ૨ ભજનો | ૨૨૨-૨૨૩ |
| ૯-૨ | રાગ પૂરિયા - થાટ મારવા | ૧ ભજન | ૨૨૪ |
| ૧૦ | થાટ પૂર્વી | | ૨૨૫ |
| ૧૦-૧ | રાગ વસંત - થાટ પૂર્વી | ૩ ભજનો | ૨૨૫-૨૨૭ |
| ૧૧ | વડિલો પાસેથી સાંભળેલા ભજનો | ૭ ભજનો | ૨૨૮-૨૩૨ |
| | પ્રથમ પંક્તિઓની સૂચિ | | ૨૩૩ |

## ૪-૨.૧ હરિ નામ બિના જગ સુના - કબીર - રાગ વૃંદાવની સારંગ
(તાલ કહેરવા ૮ માત્રા)

×
**હરિ નામ બિના જગ સુના**
નિ઼સા રેમપ નિપ મરેસા નિ઼સા
×
**શિખર સુના એક વૃક્ષ બિના, વૃક્ષ સુના એક પુષ્પ બિના ...હરિ**
રે- મ મપ- પ- મપ નિપમરે,મપ નિસાં સાં- નિસાંરેં નિપમરે નિ઼સા

**મંદિર સુના એક દીપ બિના, દીપ સુના એક જ્યોત બિના ...હરિ**
રે-મ પ- પ- મપ નિપમરે, મપ નિસાં સાં- નિસાંરેં નિપમરે નિ઼સા

**સમંદર સુના એક છીપ બિના, છીપ સુના એક સ્વાતી બિના ...હરિ**
રે-મ મપ પ- મપ નિપમરે, મપ નિસાં સાં- નિસારેં નિપમરે નિ઼સા

**કહત કબીર સુનો ભાઈ સાધો, જગત સુના હરિ નામ બિના ...હરિ**
રે- મ મપ- મ- પ- નિપમરે,મપ નિસાં સાં- નિસાંરેં નિપમરે નિ઼સા

## ૧-૧.૫ પાયોજી મૈંને - મીરાંબાઈ - રાગ યમન
× (તાલ કહેરવા ૮ માત્રા)
**પાયોજી મૈંને રામ રતન ધન પાયો ...પાયોજી મૈંને**
પ઼ધ઼ સા રેગ- પર્મ પગરે ગરે સા- પ઼ધ઼સા રેગ-

**વસ્તુ અમોલિક દી મેરે સત્‌ગુરુ, કિરપા કર અપનાયો ...પાયોજી મૈંને**
સાગ ર્મપ-પ ર્મપ ર્મપ ગર્મગ-, ગર્મધ પધ ર્મપગરેસા પ઼ધ઼સા રેગ-

**જનમ જનમકી પૂઁજી પાઈ, જગમેં સભી ખો આયો ...પાયોજી મૈંને**
સાગ ર્મપપ- ર્મપ ગર્મગગ, ગર્મધ પધ ર્મપ ગરેસા પ઼ધ઼સા રેગ-

**ખરચી ન ખૂટે ચોર ન લૂટે, દિન દિન બઢત સવાયો..પાયોજી મૈંને**
સાગર્મ પ પ- ર્મપ ર્મપ ગર્મગગ,ગર્મ ધ- પધ ગરેસા પ઼ધ઼સા રેગ-

**સત્કી નાવ કેવટિયા સત્ગુરુ, ભવસાગર તરી આયો ...પાયોજી મૈંને**
સાગર્મ પ- ર્મપર્મપ ગર્મગ-, ગર્મધ પધ ર્મપ ગરેસા પ઼ધ઼સા રેગ-

**મીરાં કે પ્રભુ ગિરિધર નાગર , હરખ હરખ જસ ગાયો ...પાયોજી મૈંને**
સાગ ર્મ પ- ર્મપર્મપ ગર્મગગ, ગર્મધ પધ- ર્મપ ગરેસા પ઼ધ઼સા રેગ-
સાગ ર્મ પ- ર્મપધ- ર્મપર્મગ, ગર્મધ પધ- ર્મપ ગરેસા પ઼ધ઼સા રેગ-

**૭-૧.૧૭ જો ભજે હરિ કો સદા - બ્રહ્માનંદ - રાગ ભૈરવી**
× **(તાલ કહેરવા ૮ માત્રા)**
**જો ભજે હરિ કો સદા , સોઈ પરમ પદ પાયેગા**
પ ધપ મપ નિ ધપમગ, સાગ પમગ રેસા ધ઼નિ઼સા

**દેહકે માલા તિલક અરુ, છાપ નહિ કિસુ કામ કે**
ગમધ નિસાં નિસાં રેંસાં, નિ નિ સાંસાં નિ ધપ
**પ્રેમ ભકિત કે બિના, નહિ નાથ કે મન ભાયેગા ...જો ભજે હરિ**
ધ- ધ- નિ ધપમ, ગ- સાગપ મગ રેસા ધ઼નિ઼સા પ ધપ મપ

**દિલ કે દર્પણ કો સફાકર, દૂરકર અભિમાન કો**
ગ મ ધનિ સાં સાંરેંસાં, નિ- સાં-નિધ પ
**ખાક હો ગુરુ કે ચરણ કી, તો પ્રભુ મિલ જાયેગા ...જો ભજે હરિ**
ધ- ધ ધ- નિ ધપ મ , ગ- પમગ રેસા ધ઼નિ઼સા પ ધપ મપ

**છોડ દુનિયાઁ કે મજે સબ, બૈઠકર એકાંત મેં**
ગમ ધનિ- સાં સાંરેં સાં, નિ-નિ- સાંનિધ પ
**ધ્યાનધર હરિ કે ચરણ કા, ફિર જનમ નહિ આયેગા ...જો ભજે હરિ**
ધ- ધ- ધ- નિ ધપ મ, ગ- પમગ રેસા ધ઼નિ઼સા પ ધપ મપ

**દઢ ભરોસા મનમેં કરકે, જો ભજે હરિનામ કો**
ગ મધનિ સાં- રેંસાં , નિ નિ- સાં- નિધ પ
**કહેતા હૈ બ્રહ્માનંદ બ્રહ્મા નંદ બીચ સમાયેગા ...જો ભજે હરિ**
ધ- ધ ધનિ ધપ મ- ગપ મગ રેસાધ઼નિ઼સા પ ધપ મપ

સ્વરસાધના

**૪-૭.૧ પ્રભુજી ! તુમ ચંદન , હમ પાની - રૈદાસ - રાગ બાગેશ્રી**
**×                    (તાલ કહેરવા ૮ માત્રા)**

**પ્રભુજી ! તુમ ચંદન, હમ પાની**
ધ઼નિ઼સામ- મધ નિ-ધમ, ગ- રેસા
**જાકી અંગ અંગ બાસ સમાની, તુમ ચંદન હમ પાની ...પ્રભુજી**
ગમ નિ- સાં- નિસાંરેં સાંનિ-ધ,મધ નિ-ધમ ગ- રેસા ધ઼નિ઼સામ-

**પ્રભુજી, તુમ ધન બન , હમ મોરા**
ગમધનિ સાં- સાં- નિસાં રેંસાં નિ-ધ
**જૈસે ચિતવત ચંદ ચકોરા, તુમ ચંદન હમ પાની ...પ્રભુજી**
નિધ- નિ-ધ- મગ ગરેસા મધ નિ-ધમ ગ- રેસા ધ઼નિ઼સામ-


**પ્રભુજી, તુમ દીપક, હમ બાતી**
ગમધનિ સાં- સાંનિસાં રેંસાં નિ-ધ
**જાકી જોતિ બરૈ દિન રાતી, તુમ ચંદન હમ પાની ...પ્રભુજી**
નિ-ધ- નિ-ધ- મ- ગ- રેસા, મધ- નિ-ધમ ગ- રેસા ધ઼નિ઼સામ-

**પ્રભુજી, તુમ મોતી , હમ ધાગા**
ગમધનિ સાં- સાંનિસાં, રેંસાં નિ-ધ
**જૈસે સોનહિં મિલત સુહાગા, તુમ ચંદન હમ પાની ...પ્રભુજી**
નિ-ધ- નિ-ધ- મગ- રેસા-, મધ નિ-ધમ ગ- રેસા ધ઼નિ઼સામ-

**પ્રભુજી, તુમ સ્વામી, હમ દાસા**
ગમધનિ સાં- સાંનિસાં, રેંસાં નિ-ધ
**ઐસી ભક્તિ કરૈ રૈ દાસા, તુમ ચંદન હમ પાની ...પ્રભુજી**
નિ-ધ- નિ-ધ ધમ ગ- રેસા, મધ નિ-ધમ ગ- રેસા ધ઼નિ઼સામ-

યહ માયા ભ્રમ જાલ કહાવે, સુરદાસ સગરો,
અબકી બાર મોહે પાર ઉતારો નહીં, પ્રાણ જાત ટરો
પ્રભુ ! મોરે અવગુણ ચિત્ત ન ધરો

કાહૂકે મનકી કોઉ ન જાનત, લોગન કે મન હાંસી,
સુરદાસ પ્રભુ ! તુમ રે દરસ બિન, લૈ હો કરવત કાસી,
અખિયાઁ હરિ-દરસનકી પ્યાસી !



ISBN 978-936013076-3

Rs. 200/-